રાજ્યમાં કોરોનાના ૧૪ કેસ : આજે જનતા કર્ફ્યૂ

કોરોના વાયરસના વધુ છ પોઝિટિવ કેસ નોંધાતા લોકોમાં ફફડાટ : રાજ્યમાં કુલ ૧૪ કેસ પોઝિટિવ, હજુ પણ કેસો વધી શકે, ૧૪માંથી ૧૨ કેસ વિદેશથી આવેલા લોકોમાં જોવા મળ્યા, ચાર શહેરોમાં આઇસોલેટ હોસ્પિટલ ઉભી કરાશે : રૂપાણી

ગાંધીનગર,તા.૨૧

વૈશ્વિક મહામારી કોરોના વાઈરસથી દુનિયાના અનેક દેશોમાં હાહાકાર મચ્યો છે અને ભારતમાં પણ આ રોગથી લોકોને બચાવવા કેન્દ્ર સરકારે આવતીકાલ ૨૨ માર્ચના રોજ એક દિવસનો જનતા કર્ફ્યુ જાહેર કર્યો છે ત્યારે બીજી તરફ ગુજરાતમાં પણ એકાએક આ રોગના કેસો ઝડપથી વધી રહ્યાં હોય તેમ કુલ ૧૪ પોઝીટીવ કેસો મળી આવતાં રૂપાણી સરકારે યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને અમદાવાદ સહિત ચાર મુખ્ય શહેરોમાં કોરોના માટે અલગ આઈસોલેટ હોસ્પિટલ બનાવવાની જાહેરાત કરીને રાજ્યના સૌ નાગરિકોને કાલે જનતા કર્ફ્યુનું પાલન કરીને સવારે ૭થી રાતના ૯ વાગ્યા સુધી ઘરે જ રહેવાની અપીલ કરી છે. જો કે જનતા કર્ફ્યુના એક દિવસ પહેલા જ આજે શનિવારે લોકો પર અસર થઈ રહી હોય તેમ સામાન્ય જનજીવનને બજદદલે રસ્તાઓ સૂમસામ જણાતા હતા. ગૃહિણીઓએ પણ શાકભાજી સહિતની આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો વધુ માત્રામાં જમા કરવાનો પ્રયાસ કર્યો હતો. તો દુકાનદારોએ લોકોની ગરજનો ગેરલાભ ઉઠાવીને ઉંચા ભાવે સામાન વેચ્યો હોવાની અનેક ફરિયાદો પણ ઉઠવા પામી હતી.

ભારતને કોરોનાથી બચાવવા ખાસ કરીને ચીન અને ઈટાલીમાં જે ભાયનક પરિસ્થિતિ જોવા મળી તેમાંથી ભારતને બાકાત રાખવાના પ્રયાસ રૂપે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૨મી માર્ચે જનતા કર્ફ્યુનો અમલ કરવા કરેલી અપીલના પગલે કાલે ૨૨મીએ દેશ આખામાં કાશ્મિરથી કન્યાકુમારી અને કચ્છથી કોલકાતા સુધી સ્વૈચ્છિક બંધ પળાશે. વિમાન-ટ્રેન-બસો-ટ્રકો-મોલ-દુકાનો-હોટેલથી લઈને પાનના ગલ્લા સુધી બંધ રહેતા લોકો પણ ઘરેથી નિકળવાનું ટાળશે. અને કમ સે કમ એક દિવસ તો લોકો જાહેર સ્થળોએ એકબીજાના સંપર્કથી દૂર રહેતાં, કોરોનાનો ચેપ ફેલાવવાની શક્યતા ઓછી થવાની આશા દેશવ્યાપી સરકારી તંત્ર રાખી રહ્યું છે.

ગુજરાતની વાત કરીએ તો મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોમાં કોરોનાના કેસો નોંધાતા હતા ત્યારે ગુજરાત તેનાથી દૂર હતું. પરંતુ હવે ગુજરાત પણ તેની ચપેટમાં આવી ગયું છે અને ૧૩ પોઝીટીવ કેસો નોંધાતા સરકાર હરકતમાં આવી છે. સરકાર તરફથી આજે આરોગ્ય મંત્રી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જાહેર કર્યુ હતું કે, ગુજરાતમાં કોરોનાના એકપછી એક કેસ બહાર આવી રહ્યાં છે. આજે અમદાવાદમાં ત્રણ અને વડોદરામાં એક નવો કેસ નોંધાતા રાજ્યમાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૭થી વધીને ૧૩ થઈ ગઈ છે. આમ અમદાવાદમાં ૬, વડોદરામાં ત્રણ, સુરતમાં ત્રણ, ગાંધીનગરમાં એક અને રાજકોટમાં એક કેસ અત્યારસુધી પોઝિટિવ નોંધાયા છે. નીતિન પટેલે પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે કોરોના વાઈરસના ૧૩ જેટલા પોઝિટિવ કેસ નોંધાયા છે. તેમાં ૧૨ જેટલા વિદેશથી આવેલા ભારતીયો છે. જ્યારે, મુખ્યમંત્રી વિજય રૂપાણીએ લોકોને જાણ કરી કે આપણે અત્યારે ફેઝ ૨ અને ૩ની વચ્ચે છીએ. તેથી આ મહામારીને રોકવા માટે વધુમાં વધુ સાવચેતી રાખવાની છે. અને તેનો એક જ ઉપાય છે કે આપણે આપણી જાતે બીજાથી દૂર રાખીએ. નોંધનીય છે કે અત્યાર સુધી જેટલા પણ પોઝિટિવ કેસ નોંધાયા છે એ તમામ વિદેશથી આવેલા નાગરિકોમાં નોંધાયા છે.

તો સીએમ રૂપાણીએ જાહેર કર્યું હતું કે, અમદાવાદ, સુરત, રાજકોટ-વડોદરામાં કોરોના માટે આઈસોલેટ હોસ્પિટલ ઉભી કરાશે. તેમણે આજે સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે આરોગ્ય વિભાગના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. તો નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ વડોદરા પહોંચ્યા હતા અને એસએસજી હોસ્પિટલની મુલાકાત લીધી હતી.,

ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ લોકોને અને ખાસ કરીને સ્માર્ટ ફોનનો ઉપયોગ કરનારાઓને ચેતવણી આપતાં કહ્યું હતું કે, સોશિયલ મીડિયામાં કોરોના અંગે કે કોઈ અન્ય વાંધાજનક મેસેજ કે લખાણ ફેલાવનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે

દરમ્યાન, સરકારના જણાવ્યાં પ્રમાણે, અત્યારસુધીમાં એરપોર્ટ પર ૩૬૬૧૭ પ્રવાસીઓનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું છે. છેલ્લા ત્રણ દિવસમાં હોમ કોરોન્ટાઈન હેઠળ ૧૫૦૬ લોકોને રાખવામાં આવ્યાં છે.

દેશમાં કોરોનાના ૧૧ પોઝિટિવ કેસની સંખ્યા વધીને ૨૦૦ ઉપર પહોંચી ગઈ છે. વડાપ્રધાન મોદીએ ૨૨ માર્ચે જનત કરફ્યું રાખવા અપીલ કરી છે. પરંતુ ગુજરાતમાં ૧૯ માર્ચે ૨ અને ૨૦ માર્ચે ૫ પોઝિટિવ કેસ સાથે પોઝિટિવ કેસનો આંકડો સાતથી વટાવી ગયો હતો. જેને પગલે આજથી જ ગુજરાતમાં લોકડાઉનની સ્થિતિ જોવા મળી રહી છે. રાજ્યની બજારો સહિત ૮૦ ટકા જેટલી કામગીરી ઠપ થઈ ગઈ છે. તેની સાથે સાથે રસ્તાઓ પણ સુમસામ થઈ ગયા છે અને ભાગ્યે જ કોઈ વાહન જોવા મળી રહ્યાં છે.

કોરોનાને પગલે આજે જનતા કરફ્યુ : દહેશતપૂર્ણ ખરીદી

ગાંધીનગર,તા.૨૧

કોરોના વાઈરસને મ્હાત આપવાના ભાગરૂપે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આવતીકાલે તા૨૨મી માર્ચે રવિવારના રોજ સવારે ૭-૦૦થી રાત્રે ૯-૦૦ વાગ્યા સુધી જનતા કરફયુ પાળવાની કરેલી રાષ્ટ્રીય અપીલના અનુસંધાનમાં આવતીકાલે અમદાવાદ શહેર સહિત રાજયભરમાં પણ બંધનો માહોલ એટે કે, જનતા કરફયુની સ્થિતિ જોવા મળશે. ખુદ ગુજરાતના રાજયપાલ, મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોએ પણ રાજયના પ્રજાજનોને કોરોના વાઈરસની સામે લડવા જનતા કરફયુને સફળ બનાવવા પણ જાહેર અપીલ કરી છે. આવતીકાલે જનતા કરફયુને લઈ એસટી બસ સેવા ઉપરાંત, અમદાવાદ શહેરમાં એએમટીએસ અને બીઆરટીએસ સેવાને પણ બંધ રાખવાનો નિર્ણય જાહેર કરી દેવાયો છે. આવતીકાલે સવારે ૭-૦૦થી રાતના ૯-૦૦ વાગ્યા સુધી અમદાવાદમાં જનતા કરફયુના કારણે એએમટીએસ તેમજ બીઆરટીએસની એક પણ બસ શહેરના માર્ગો પર દોડશે નહીં. આવતીકાલે અમદાવાદ શહેર

સહિત ગુજરાતભરમાં તમામ બાગ-બગીચા, કાંકરિયા લેકફ્રન્ટ, રિવરફ્રન્ટ, ત્રણ દરવાજા બજાર, ગુજરી બજાર અને ખાણીપીણી બજાર બંધ રહેશે. દરમ્યાન આવતીકાલે તમામ બજાર બંધ હોઈ લોકો સવારથી જ શાકભાજી સહિતની જરૂરી ચીજો ખરીદવા સવારથી જ નીકળી પડ્યા હતા. તો, લોકોમાં કોરોના વાઈરસને લઈ આગામી દિવસોમાં સ્થિતિ વધુ ગંભીર બને તેવી દહેશત હોઈ લોકો કરિયાણાં સહિતની જરૂરિયાતની ચીજવસ્તુઓ બે-ત્રણ મહિના માટે ખરીદતાં પણ નજરે પડતા હતા. તો, લોકો આજે દૂધ લેવા માટે પણ પડાપડી કરી હતી અને આવતીકાલે જનતા કરફયુ હોય ને કાલે દૂધ ના મળે તેવી સ્થિતિ પેદા થાય તેવા સંજોગોમાં લોકોએ રૂટીન કરતાં રોજની સરખામણીએ વધુ દૂધ ખરીદયુ હતું. આવતીકાલના જનતા કરફયુના કારણે શહેરનાં તમામ બજાર, હોટલ-રેસ્ટોરાં, દુકાનો સ્વૈચ્છિક બંધ પાળશે. મ્યુનિસિપલ કોર્પોરેશનની તમામ સેવાઓ બંધ રહેશે. જો કે, દૂધ, શાકભાજી, કરિયાણા જેવી આવશ્યક ચીજવસ્તુઓ લોકોને મળી રહેશે. અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત અને ગાંધીનગરમાં જયાં કોરોના પોઝીટીવના કેસો નોંધાયા છે તે શહેરોમાં લોકોમાં ભારે ફફડાટની લાગણી ફેલાયેલી જોવા મળી રહી છે. રાજયમાં પાનના ગલ્લા, રેસ્ટોરન્ટ સહિતની દુકાનો અને ધંધા-રોજગારના સ્થળો બંધ રાખવાના આદેશ છતાં રાજકોટ સહિતના સ્થળોએ કેટલાક પાનના ગલ્લા, રેસ્ટોરન્ટ અને એકમો ચાલુ રખાયા હોવાનું ધ્યાન પર આવતાં તંત્ર અને પોલીસ દ્વારા તે બંધ કરાવવામાં આવ્યા હતા. બીજીબાજુ, આવતીકાલે અમદાવાદ શહેર સહિત રાજયભરમાં પણ કોરોનાની અસરથી બચવાના ભાગરૂપે જનતા કરફયુ પળાવાનો હોઈ તેને સફળ બનાવવા માટે ખુદ સરકાર અને તંત્ર દ્વારા ભારે સક્રિયતા સાથેના અસરકારક પ્રયાસો અને આયોજન કરવામાં આવ્યા છે.

ધનસુરામાં કોરોના વાઇરસને લઈ સુંદર પગલાં લેવામાં આવી રહ્યા છે

અરવલ્લી જિલ્લાની મોટામાં મોટી ધનસુરા ગ્રામપંચાયત વિસ્તારમાં કોરોના વાઈરસને લઈ પોલીસે બજાર બંધ કરાવ્યા હતા જેમાં વેપારીઓએ સહયોગ આપ્યો હતો. જેથી બપોર બાદ બજાર સૂમસામ દેખાતા હતા. પોલીસની અપીલ અને સ્વયં જાગૃતિથી લોકો કોરોના વિરુધ્ધ નથી આ લડાઈમાં આપમેળે જોડાયા હતા અને વડાપ્રધાન ધ્વારા આવતીકાલે સવારથી સાંજ સુધી ઘરમાં રહેવાના નિર્ણયને પણ લોકોએ બિરદાવી સહકાર આપવાની ખાતરી આપી હતી. કોરોના વાઈરસને લઈ ધનસુરા ગ્રામ પંચાયત ધ્વારા પણ સુંદર કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં જાહેરમાં થૂકવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જો કોઈ જાહેરમાં થૂંકે તો ૫૦૦ રુપિયાનો દંડ કરવામાં આવે છે અત્યાર સુધી ૬ લોકોને જાહેરમાં થૂકવા બદલ દંડ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વિદેશથી આવેલા લોકોના ઘર અને આજુબાજુના વિસ્તારમાં આરોગ્ય વિભાગ ધ્વારા દવાનો છંટકાવ પણ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ગામમાં હોટલોમાં ઠંડા પીણાના વેચાણ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ગામમાં કોરોના વાઈરસની જાગૃતિના બેનર અને સ્ટીકર પણ લગાવવામાં આવ્યા છે.

કરફ્યુનો કડક અમલ... ● છેલ્લા પાનાનું ચાલુ

અપીલ કરી છે. ત્યારે ગાંધીનગરમાં આજથી જ આ જનતા કરફયુનો અમલ જોવા મળ્યો હતો. કેટલાક વેપારીઓએ સ્વંયભુ બંધ પાળ્યો હતો. બીજીતરફ કોર્પોરેશનની ટીમ પણ પોલીસ સાથે સેકટરોના શોપિંગ બજારોમાં ફરીને પાનના ગલ્લા તેમજ પાર્લરો પણ બંધ કરાવ્યા હતા. સવારથી જ નગરના જનજીવન પર જનતા કરફયુની અસર જોવા મળી હતી. એક દિવસ અગાઉ જ મોટાભાગના નાગરિકોએ જનતા કરફયુના અભિગમને સ્વીકારી અનોખી પહેલ કરી હતી. જયારે બીજીતરફ નગરના શોપિંગ બજાર તેમજ શાકમાર્કેટમાં ગૃહીણીઓની ભીડ જોવા મળી હતી. જનતા કરફયુની અસર સાથે નાગરિકો જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની ખરીદીમાં લાગી ગયા હતા. દુધ તેમજ શાકભાજીની ખરીદી વિશેષ થઈ હતી. નગરના સે-૨૧ શાકમાર્કેટમાં શાકભાજી અને ફ્રુટની ખરીદી કરવા માટે નાગરિકોની વિશેષ અવરજવર રહી હતી. જયારે સેકટરોના શોપિંગમાં પણ કરિયાણાની ચીજવસ્તુઓ સહીત શાકભાજીની ખરીદી વિશેષ રહી હતી. ન્યુ ગાંધીનગરમાં પણ નાગરિકો શાકભાજી સહીત જરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરતા નજરે પડયા હતા. દવાની દુકાનો પર પણ ભીડ જોવા મળી હતી. જેમાં સેનેટાઈઝર , માસ્ક અને દવાઓ લેવા માટે પણ નાગરિકોની દિવસ દરમિયાન વિશેષ અવરજવર જોવા મળી હતી. જનતા કરફયુના દિવસે દવાની દુકાનો ખુલ્લી રહેશે.જયારે આજે પણ દિવસ દરમિયાન જનતા કરફયુના અમલ કરવામાં આવશે. શહેરીજનોને અકે દિવસ ઘરમાં જ રહેવા જણાંવાયુ છે. જનતા કરફયુના કડક અમલ માટે શનિવારે નાગરિકોએ જરૂરી ચીજવસ્તુઓ પણ ખરીદી લીધી છે. રવિવારે રજા હોવાના લીધે આમ પણ સરકારી કચેરીઓ બંધ રહેવાની સાથે સમગ્ર શહેરમાં કોઈ પણ નાગરિકો ઘરની બહાર ન નિકળે તે માટે પણ નગરજનો એકબીજાને અપીલ કરી રહ્યા છે.

૧૪૪ અને ૧૮૮ હેઠળ...

● છેલ્લા પાનાનું ચાલુ

વ્યક્તીઓની વિવિધ પૃચ્છા માટે ફોન મળ્યા હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લાતંત્રએ આજથી તેની તમામ ટીમોને એક્શન મોડમાં મુકી દીધી છે. ટીમો દ્વારા આંતરરાષ્ટ્રીય પેસેન્જરોના કોન્ટેક્ટ પર્સનના ટ્રેકીંગની કામગીરી પણ સઘન બનાવી દીધી છે. આ ઉપરાંત જિલ્લામાં શરદી-ખાંસીના દર્દીઓ પર પણ ચાંપતી નજર રાખવા માટે મેડીકલ ઓફિસરોને સૂચના અપાઈ છે.

મળતી વિગતો પ્રમાણે આરોગ્ય કેન્દ્રો પર નિયમિત સારવાર માટે આવતા દર્દીઓને પણ ૧૫ દિવસ સુધીની દવા આપવા કહેવામાં આવ્યુ છે જેથી આરોગ્ય કેન્દ્રોમાં થતી ભીડ નિવારી શકાય.

હોમ કોરોન્ટાઈના આદેશનો ભંગ કરતા સાત સામે ફરીયાદ

હિંમતનગર, તા. ૨૧

તા. ૧ માર્ચથી ૨૦ માર્ચ દરમ્યાન અન્ય રાજયો તથા વિદેશમાંથી આવેલા પ્રવાસીઓ માટે તંત્ર દ્વારા કોરોના વાયરસનો ચેપ અન્ય કોઈને ન લાગે તે આશયથી આ પ્રવાસીઓને ૧૪ દિવસ હોમ કોરોન્ટાઈનમાં રહેવા માટે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ હતુ. તેમ છતાં પ્રવાસીઓએ જાહેરનામાનો ભંગ કરતા આરોગ્ય વિભાગ દ્વારા શનિવારે તેમની વિરૂદ્ધ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરાઈ હતી.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગત તા. ૧ માર્ચથી ૨૦ માર્ચ દરમ્યાન જિલ્લાના વિવિધ સ્થળે રહેતા અંદાજે ૧૦૦થી વધુ ગુજરાત સિવાયના અન્ય રાજયોમાંથી તથા વિદેશમાંથી આવ્યા હતા. જેમની સંલગ્ન વિભાગ દ્વારા તપાસ કરવામાં આવી હતી અને કેટલાક પ્રવાસીઓને અગમચેતીના ભાગરૂપે ૧૪ દિવસ ઘરમાં રહેવા માટે જણાવાયું હતું. તેમ છતાં સાત પ્રવાસીઓએ આદેશનો ભંગ કરતા આરોગ્ય વિભાગ દ્વારા શનિવારે તેમની વિરૂદ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવી હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

હાહાકાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દુનિયાના દેશો ચીન પાસેથી બોધપાઠ મેળવે તે જરૂરી છે.ચીનમાં સ્થિતી સુધરી રહી છે. યુરોપ અને અન્ય દેશોમાં કેસોની સંખ્યા વધારે ઝડપથી વધી રહી છે. દુનિયાના દેશોમાં હાલમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસને કાબુમાં લેવા માટે યુદ્ધના ધોરણે તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં તેના પર કાબુ મેળવી લેવામાં હજુ સુધી સફળતા મળી રહી નથી. માત્ર ચીનમાં જ નહીં બલ્કે દુનિયાના અન્ય દેશો પણ કોરોના વાયરસના કારણે પરેશાન છે. જેમાં ભારત પણ સામેલ છે. અલબત્ત નવા કેસોની સંખ્યા ઘટી છે પરંતુ હજુ કેસો દરરોજ હજારો નોંધાઈ રહ્યા છે. હાલ દિન પ્રતિદિન ખરાબ થઈ રહી છે. વધુને વધુ દેશો તેના વિકરાળ સકંજામાં આવી રહ્યા છે. કોરોના વાયરસની શરૂઆત થઈ હતી તે ચીનના વુહાન શહેરમાં કોરોના વાયરસે હવે વિદાય લઈ લીધી છે.

ચીન સરકારના કઠોર પગલા તથા તકેદારીના લીધે સ્થિતિમાં સુધારો થયો છે. કોરોના વાયરસનો કાળો કેર દુનિયાના દેશોમાં જારી રહ્યો છે. હોંગકોગ, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ, અમેરિકા, તાઈવાન, મલેશિયા અને જર્મની સહિતના દેશો વાયરસના સકંજામાં આવી ગયા છે. કેસોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. દરરોજ કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. ગંભીર રીતે બિમારીના સકંજામાં રહેલા લોકોની સંખ્યા હજારોમાં છે.જે કુલ કેસોના ૨૧ ટકા જેટલી છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. ભારે હાહાકાર જારી છે. મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. ચીનમાં સ્થિતી ધીમે ધીમે કાબુમાં આવી રહી છે. ચીનમાં નવા કેસો અને મોતનો આંકડો ઝડપથી ઘટી રહ્યો છે. જે સંકેત આપે છે કે ચીનમાં કોરોના પર અંકુશ મુકવામાં હવે સફળતા મળી રહી છે. જે ત્યાંના લોકો માટે મોટી રાહતની બાબત છે. કોરોના વાયરસના કારણે ચીનમાં જે વિસ્તારો સૌથી અસરગ્રસ્ત થયા છે તેમાં હુઆગાંગ, એઝાઓ, ચીબી, શિઆતાઓ, ઝિજિયાંગ, છિનજિઆંગ, લિયુઆન અને વુહાનનો સમાવેશ થાય છે. સૌથી વધારે પ્રભાવિત વિસ્તારોમાં યુબેઈ પ્રાંત છે. કોરોના વાયરસને લઈને ઈન્ફેક્શન દુનિયાના દેશોમાં ફેલાઈ રહ્યો છે. ત્યારે સાવચેતીના તમામ પગલા દુનિયાના દેશો લઈ રહ્યા છે. ચીન, ઈટાલી, ઈરાન, સ્પેન સહિતના દેશો હાલમાં સૌથી પ્રભાવિત વિસ્તારો પૈકી એક તરીકે છે. કોરોના વાયરસના કારણે અમેરિકા, કોરિયા અને ઈટાલીમાં પણ ભારે હાહાકાર મચેલો છે. આવી સ્થિતીમાં મોતનો આંકડો ખુબ વધારે જઈ શકે છે.

રઝળપાટ ● ચોથા પાનાનું ચાલુ

વિભાગની માહિતીઓ જ સાચી માનવી. અને ખાસ તો સ્વચ્છ્તા જાળવીએ ને બીજી ખાસ વાત કે ચીજવસ્તુઓનો સંગ્રહ ના કરીએ. સરકાર અને લાગતાંવળગતા બધા જ કહી રહ્યા છે કે આવું કશું થવાનું નથી, કોઈ લોકડાઉન આવવાનું નથી, કોઈ અછ્ત સર્જાવાની નથી. બસ માત્ર એક જવાબદાર નાગરિક તરીકે આપણે એટલું જ કરવાનું છે કે કામ સિવાય બહાર જવાનું ટાળવું, સ્વચ્છ્તા જાળવવી, અફવાઓ પર વિશ્વાસ ના કરવો અને જનતા કરફ્યુ કે પછી લોકડાઉનથી બચવા પણ લોકોએ તંત્ર અને આરોગ્ય વિભાગની બધી જ સૂચનાનો ચુસ્તપણે અમલ કરવો જ રહ્યો. આ જ સમય છે એક સાચા અને જવાબદાર નાગરિક તરીકે સમજદારી અને એકતા બતાવવાનો....!!!

વિસામોઃ

રાત-દિવસ જોયા વગર, જાનની પરવા કર્યા વગર લોકોની સેવા અને વ્યવસ્થામાં જોડાયેલ ડોક્ટરો, મેડિકલ સ્ટાફ, વહીવટીલોકો, પોલીસ, મીડિયા અને આવા બીજા નામી-અનામી જાહેર સેવકોને દિલથી વંદન !

ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિર દર્શનાર્થીઓ માટે કરાયો બંધ

ખેડબ્રહ્મામાં આવેલ મા અંબિકાનું મંદિર લોકોની આસ્થાનું કેન્દ્ર રહેલ છે જે કારોના વારયરસના કારણે શનિવાર બપોરથી આગામી ૩૧ માર્ચ સુધી બંધ રાખવામાં આવશે. સઘળાં દેશમાં કોરોના મહામારી ફેલાઈ રહી છે તેના અનુસંધાને ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી કૌશિક મોદી અને અંબિકા માતાજી મંદિરના પ્રમુખ જયદીપસિંહ ટ્રસ્ટી અને મેનેજરની મિટિંગ યોજાઈ હતી જેમાં કોરોના વારયરસને ફેલવાઓ થઈ રહ્યો હોય ભીડભાડવાળી જગ્યાઓ બંધ કરવામાં આવી રહી હોય ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિર શનિવાર બપોરથી ૩૧ માર્ચ ૨૦૨૦ સુધી ભક્તોના દર્શન માટે બંધ કરવામાં આવ્યું છે. મંદિરના મેનેજર ઘનશ્યામસિંહ રહેવરે જણાવ્યુ હતું કે માતાજીનું મંદિર ભકતો માટે બંધ કરવામાં આવ્યું છે અને માતાજીની પૂજા અર્ચના, પ્રક્ષાલન વિધિ, શણગાર આરતી, રાજભોગ થાળ, વગેરે રાબેતા મુજબ કરવામાં આવશે અને ભક્તોને દર્શનનો લાભ મળી રહે તે માટે સ્થાનિક ટીવી પર આરતી ફેસબુક વગેરેના પ્રસારિત કરવામાં આવશે અને વહીવટીતંત્રને જરૂર પડે તો અંબિકા માતાજી મંદિર ધ્વારા રૂમો પૂરી પાડવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

"અહીં મુલાકાત ન લેવી હિતાવહ છે"

મોડાસા શહેરમાં વિદેશ પ્રવાસથી પરત ફરેલા લોકોના ઘર બહાર આરોગ્ય વિભાગે પેમ્ફલેટ ચોંટાડ્યા

મોડાસા, તા. ૨૧

ચીનથી શરૂ થયેલા આ ચેપિરોગ વિશ્વના ૧૧૦થી વધુ દેશાને સંકજામાં લઈ ફફડાટ સર્જી દીધો છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા પણ આ રોગ સામે જરૂરી અટકાયતી પગલા ભરવામાં આવી રહ્યા હોવાના દાવા કરાઈ રહયા છે. દેશના એરપોર્ટ અને બંદરો ઉપર થર્મલ સ્ક્રીનિંગ હાથ ધરાયું છે અને વીઝા રદ કરવા જેવા પગલા આ કોરોના વાયરસને લઈ ભરવામાં આવી રહ્યા છે. વિદેશ પ્રવાસ કરીને આવેલા લોકોને ઓબ્જર્વેશન હેઠળ રાખવામાં આવી રહ્યા છે. ત્યારે અરવલ્લી જીલ્લા વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગ તંત્રએ વિદેશથી આવેલા ૧૩૮ લોકોને ૧૪ દિવસ ઓબ્જર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગે વિદેશથી આવેલા લોકોની ઘરની બહાર "અહીંયા મુલાકાત ન લેવી હિતાવહ છે" અને બહારથી આવેલ પરિવારોનો સંપર્ક સંસર્ગ નિષેધ કરેલ છે. જો કોઈ બહાર દેખાય તો આરોગ્ય વિભાગનો સંપર્ક કરવાના પેમ્ફલેટ ઘરની બહાર ચિપકાવી દઈ પુરેપુરી તકેદારી રખાઈ રહી છે.

અરવલ્લી જીલ્લા કલેક્ટર અમૃતેષ ઔરંગાબાદકરે ટ્વિટરના માધ્યમથી જીલ્લામાં પાછલા ૨૧ દિવસના સમયગાળા દરમિયાન વિદેશથી આવેલ લોકોને આરોગ્ય વિભાગને જાણ કરવામાં વેણુ ટ્વિટ કરવામાં આવ્યું છે તદઉપરાંત ટ્વિટ કરી જીલ્લા હેલ્પલાઈન નં. ૦૨૭૭૪-૨૫૦૨૨૧ કર્યો જાહેર કર્યો છે. કોરોના વાઈરસને અટકાવવા વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે. હાલ જીલ્લામાં કોરોન્ટાઈન વોર્ડ ઉભા કરાઈ રહ્યા છે. સદનસીબે અરવલ્લી જીલ્લામાં શંકાસ્પદ કોરોનાના દર્દીઓ મળી આવ્યા છે પરંતુ હજુ એક પણ કેસ કોરોનો ન નોંધાતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

જનતા કર્ફ્યુ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોઈ ઘરમાં ઈમરજન્સી આવે તો ઘરની બહાર નિકળી શકો છો. આપની આસપાસની દુકાનો પર દુધ બ્રેડ લેવા માટે જઈ શકો છો. કારણ કે તે જરૂરી ચીજો છે જેના માટે આપને રોકવામાં આવનાર નથી. પોલીસ, મિડિયાવાળા, તબીબો ઘરથી બહાર નિકળી શકે છે. સફાઈની જવાબદારી ધરાવતા લોકો પણ ઘરનીબહાર નિકળી શકે છે. વડાપ્રધાન મોદી પોતે કહી ચુક્યા છે કે તેમના પર મોટી જવાબદારી હોય છે. મોદીએ તમામ દેશવાસીઓને અપીલ કરી છે કે સાંજે પાંચ વાગે બારી બારણા પર ઉભા થઈને તબીબો, પોલીસ જવાનો અને મિડિયાના લોકોને પાંચ મિનિટ માટે આભાર માનવામાં આવે તે જરૂરી છે. સાંજે પાંચ વાગે સાયરન મારફતે લોકોને આની સુચના આપવા માટે કહેવામાં આવ્યુ છે. એકબાજુ રેલવે દ્વારા રવિવારના દિવસે દેશભરમાં ૩૭૦૦ ટ્રેનો ન દોડાવવા માટેનો નિર્ણય કર્યો છે. આવી જ રીતે દેશની બે મોટી વિમાન કંપનીઓ ઈન્ડિગો અને ગોએરે આશરે એક હજાર ફ્લાઈટ રદ કરવાનો નિર્ણય કર્યો છે. રેલવે દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે રવિવારના દિવસે રદ કરવામાં આવેલી ટ્રેનોમાં પેસેન્જર ટ્રેનની સાથે સાથે લાંબા અંતરની મેલ અને એક્સપ્રેસ ટ્રેન પણ સામેલ છે. રેલવેના કહેવા મુજબ શનિવાર અને રવિવારના દિવસે રાત્રે ૧૦ વાગ્યા બાદથી દેશમાં કોઈ પમ સ્ટેશનથી કોઈ પણ મેલ અને પેસેન્જર ટ્રેન દોડનાર નથી. રેલવે બોર્ડ દ્વારા જણાવવામાં આવ્યુ છે કે મુંબઈ, દિલ્હી, કોલકત્તા, ચેન્નાઈ અને સિકંદરાબાદમાં ઉપનગરીય રેલવે સેવામાં પણ મોટા પાયે ઘટાડો કરવામાં આવ્યો છે. રેલવે બોર્ડ પોતાના તમામ વિભાગને અને તમામ રેલવે ઝોનને એ અંગે નિર્ણય કરવા કહ્યુ છે કે તે રવિવારના દિવસે ઓછામાં ઓછી કેટલી ટ્રેનો ચલાવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના વાયરસે દેશમાં પણ પગપેસારો કરી દીધા બાદ રાષ્ટ્રને નામ પોતાના સંબોધનમાં કહ્યુ હતુ કે ૨૨મી માર્ચના દિવસે જનતા કર્ફ્યુ પાળવામાં આવનાર છે. મોદીએ રવિવારના દિવસે ઘરની બહાર ન નિકળવા માટે તમામને સુચના આપી હતી. જનતા કરફ્યુ મારફતે સરકાર આ બાબતની ખાતરી કરવા માટે ઈચ્છુક છે કે કોરોનાનો અસર વધશે તો લોકડાઉનની સ્થિતી માટે દેશના લોકો કેટલી હદ સુધી તૈયાર છે. રેલવે દ્વારા જ્યારે આટલો મોટો નિર્ણય કરી દેવામાં આવ્યો છે ત્યારે તમામની વચ્ચે ચર્ચા ચાલી રહી છે. રેલવે દ્વારા સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે રવિવારના દિવસે ૨૪૦૦ ટ્રેનો રદ થઈ જશે. અંદાજ મુજબ ૧૩૦૦ મેઈલ અને એક્સપ્રેસ ટ્રેનો આવતીકાલે બંધ રહેનાર છે.

૩૧૦ કેસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જીમ, નાઈટ ક્લબ, સ્પાને પણ ૩૧મી માર્ચ સુધી બંધ કરવાનો નિર્ણય કરાયો છે. કોરોના વાયરસના કેસોની સંખ્યા વધી રહી છે ત્યારે ભારતમાં તકેદારીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. ઘણા પ્રવાસી સ્થળો પણ બંધ કરવામાં આવ્યા છે. ચાર કેન્દ્રશાસિત પ્રદેશ સહિત ૨૧ રાજ્યો કોરોનાના સકંજામાં આવી ગયા છે. ભારતમાં કોરોનાના સૌથી વધારે કેસો મહારાષ્ટ્રમાં નોંધાયા છે. ભારતમાં ૩૯ વિદેશી લોકો પણ કોરોના વાયરસના સકંજામાં આવી ગયા છે. ભારતમાં કોરોના વાયરસને રોકવા માટે વિશ્વના અન્ય દેશોની તુલનામાં વધારે પગલા લેવામાં આવી રહ્યા છે.વિદેશમાં ફસાયેલા ભારતીયોને પણ પરત લાવવામાં આવી રહ્યા છે. ભારતમાં કોરોના વાયરસ થયા બાદ ૨૦ લોકો સ્વસ્થ થઈ ચુક્યા છે. ભારતમાં કોરોનાના કારણે ચાર મોત થયા છે. કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે ત્યારે કેન્દ્ર સરકાર અને જુદા જુદા રાજ્યોમાં પણ વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. કોરોના કેસોની સંખ્યામાં અવિરત વધારો થઈ રહ્યો છે. ભારતમાં પણ ચિંતાનુ મોજુ સામાન્ય લોકોમાં જોવા મળી રહ્યુ છે. કોરોના વાયરસના કેસો ભારતમાં પણ હવે વધી રહ્યા છે. ભારતમાં કુલ કેસોની સંખ્યા ૨૫૧ પહોંચી છે જેમાં ૩૮ વિદેશી નાગરિકો છે જે પૈકી ૧૭ ઈટાલીના છે.